**અગ્રતા ક્રમ:** **૦૪**

**વિભાગ:** શિક્ષણ વિભાગ

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:** ૧૫/૦૪/૪૩૩

વિધાનસભા ગૃહમાં જવાબ
આપવાની તારીખ: **૦૬/૦૨/૨૦૨૪**

## પંદરમી ગુજરાત વિધાનસભા

## ચોથું સત્ર

**પ્રશ્ન શિર્ષક:** **સુરેન્દ્રનગર જિલ્લામાં સ્કુલ ઓન વ્હીલ પ્રોજેક્ટ**

**પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ તથા તેમનો મત વિસ્તાર: શ્રી પ્રકાશભાઈ પુરષોત્તમભાઈ વરમોરા (ધ્રાંગધ્રા)**

## સુરેંદ્રનગર જિલ્લામાં સ્કુલ ઓન વ્હીલ પ્રોજેક્ટ.

*૧૫/૦૪/૪૩૩ **શ્રી પ્રકાશભાઇ પરસોતમભાઇ વરમોરા(ધ્રાંગધ્રા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|

**(૧)** તા.૩૧.૧.૨૦૨૩ની સ્થિતિએ વર્ષ 2022–23માં સુરેંદ્રનગર જિલ્લામાં "સ્કૂલ ઓન વ્હીલ" પ્રોજેક્ટ અંતર્ગત કેટલા અગરિયાના બાળકોને શિક્ષણનો લાભ આપવામાં આવેલ છે, અને

**(૧)** સુરેંદ્રનગર જિલ્લામાં "સ્કૂલ ઓન વ્હીલ" પ્રોજેકટમાં નીચે મુજબ બાળકોને લાભ આપવામાં આવ્યો છે.

| **વર્ષ** | **"સ્કૂલ ઓન વ્હીલ"ની સંખ્યા** | **બાળકોની સંખ્યા** |
|---|---|---|
| ૨૦૨૨ – ૨૩ | ૨૦ | ૩૮૯ |
| ૨૦૨૩– ૨૪ | ૨૦ | ૩૮૬ |

**(૨)** ઉકત સ્થિતિએ આ યોજના અંતર્ગત કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?

**(૨)** સુરેંદ્રનગર જિલ્લામાં "સ્કૂલ ઓન વ્હીલ" પ્રોજેકટમાં નીચે મુજબ ખર્ચ થયેલ છે.

| **વર્ષ** | **થયેલ ખર્ચ રૂ.** |
|---|---|
| ૨૦૨૨ – ૨૩ | ૨,૭૦,૩૦૪ /– |
| ૨૦૨૩– ૨૪ | ૧,૨૮,૩૭૦/– |

૦

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૪૩૩**

**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી પ્રકાશભાઈ પુરષોત્તમભાઈ વરમોરા(ધ્રાંગધ્રા)**

**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી પ્રકાશભાઈ પુરષોત્તમભાઈ વરમોરા (ધ્રાંગધ્રા)**

---

**પ્રશ્ન–૧ "સ્કૂલ ઓન વ્હીલ" પ્રોજેકટ શું છે અને ક્યારે શરૂ કરવામાં આવ્યો ? આ યોજનામાં કઈ કઈ સુવિધા આપવામાં આવે છે ?**

**જવાબ :**

ગુજરાત એસ.ટી.નિગમની બિનઉપયોગી બસોમાં નાના મોટા મોડિફિકેશન કરી તેમા બાળકો બેસીને અભ્યાસ કરી શકે તે માટે શૈક્ષણિક સાધન સામગ્રી સાથે સજજ બસ એટલે સ્કુલ ઓન વ્હીલ. આ પ્રોજેકટ માનનીય મંત્રીશ્રી શિક્ષણના પ્રેરક માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૧૯–૨૦માં શરૂ કરવામાં આવ્યો.

આ યોજના અંતર્ગત નીચે મુજબની વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

૧. બારીઓમાં નવી ટેક્નોલોજીના લુવર્સ લગાવવામાં આવ્યા છે જેથી રેતી કે પાણી અંદર પ્રવેશી ન શકે.
૨. આરામથી બેસી શકાય તે માટે પીવીસી ફ્લોરીંગ
૩. ગ્રીન બોર્ડ
૪. અપગ્રેડ સોલર સિસ્ટમ ૩.૭ કે.વી.
૫. ૨૯ ઇંચ એલ.ઈ.ડી. ટી.વી. ડી ટૂ એચ સેટઅપ બોક્ષ અને ધોરણ વાઈઝ ઈ– કન્ટેન્ટ સાથે
૬. પંખા અને ૬ એલ.ઈ.ડી. લાઈટ્સ
૭. ફાયર એસ્ટિંગવિશર(સિલિન્ડર)
૮. રાઈટીંગ ડેસ્ક–૧૮ નંગ

મધ્યાહ્ન ભોજન અને બીજા પોષણયુકત ખોરાક આપવામાં આવે છે.

૦

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૪૩૩**

**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી પ્રકાશભાઈ પુરષોત્તમભાઈ વરમોરા (ધ્રાંગધ્રા)**

**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી શામજીભાઇ ભીમજીભાઇ ચૌહાણ(ચોટીલા)**

---

**પ્રશ્ન ૨: "સ્કુલ ઓન વ્હીલ" યોજના કયા કયા જિલ્લામાં કાર્યરત છે? જેની તાલુકાવાર વિગતો જણાવશો.**

જવાબ : સ્કુલ ઓન વ્હીલ ગુજરાત રાજયના ૪ જિલ્લાઓમાં છે. જેમાં (૧) કચ્છ (૨) મોરબી (૩) પાટણ (૪) સુરેન્દ્રનગર

(૧) કચ્છ જિલ્લાના અંજાર તાલુકામાં ૨ બસો, ભચાઉ તાલુકામાં ૩ બસો – ૫ બસો

(૨) મોરબી જિલ્લાના હળવદ તાલુકામાં ૧ બસ, માળીયા તાલુકામાં ૨ બસો – ૩ બસો

(૩) પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકામાં ૧૦ બસો– ૧૦ બસો

(૪) સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકામાં ૨૦ બસો – ૨૦ બસો

**કુલ ૩૮ બસો**

**૦૪**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૪૩૩**

**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી પ્રકાશભાઇ પુરષોત્તમભાઇ વરમોરા (ધ્રાંગધ્રા)**

**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી કાંતિલાલ શીવલાલભાઈ અમૃતિયા–મોરબી**

---

**પ્રશ્ન–૩** **“સ્કૂલ ઓન વ્હીલ” પ્રોજેકટ કેટલા સમયગાળા માટે ચલાવવામાં આવે છે અને આ પ્રોજેકટમાં બાળકોને અન્ય કઇ શૈક્ષણિક સુવિધા આપવામાં આવે છે ? તથા પ્રોજેકટમાં છેલ્લા ત્રણ વર્ષમાં આવરી લીધેલ બાળકોની સંખ્યા અને તે માટે કેટલો ખર્ચ થયેલ છે?**

**જવાબ :**

‘‘સ્કૂલ ઓન વ્હીલ’’ પ્રોજેકટ ઓકટોબર થી એપ્રિલ માસ દરમ્યાન ચલાવવામાં આવે છે. આ પ્રોજેકટમાં શાળાના શિક્ષકો દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. જેમાં;

- બાયસેગના માધ્યમથી “વંદે–ગુજરાત” ચેનલ દ્વારા ધોરણ વાઈઝ ઈ–કન્ટેંટનો લાભ આપવામાં આવે છે.
- સ્થાનિક કક્ષાએથી જીવન કૌશલ્ય વિકાસની પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.
- G-SHALA એપ્લિકેશનના માધ્યમથી વિદ્યાર્થીઓને શૈક્ષણિક લાભ પૂરો પાડવામાં આવે છે.

**સુરેન્દ્રનગર જિલ્લામાં સ્કુલ ઓન વ્હીલ પ્રોજેકટમાં છેલ્લા ત્રણ વર્ષમાં આવરી લીધેલ બાળકોની સંખ્યા અને તે માટે થયેલ ખર્ચ નીચે મુજબ છે.**

| **વર્ષ** | **આવરી લીધેલ બાળકોની સંખ્યા** | **થયેલ ખર્ચ રૂ. માં** |
|---|---|---|
| ૨૦૨૧–૨૨ | ૨૯૦ | ૬,૨૪,૦૦૦/– |
| ૨૦૨૨–૨૩ | ૩૮૯ | ૨,૭૦,૩૦૪/– |
| ૨૦૨૩–૨૪ | ૩૮૬ | ૧,૨૮,૩૭૦/– |

# પૂરક નોંધ

## ➢ સ્કુલ ઓન વ્હીલ :

ગુજરાત સરકાર, સમગ્ર શિક્ષા દ્વારા વર્ષ ૨૦૧૯–૨૦માં સ્કુલ ઓન વ્હીલ પ્રોજેક્ટ અગરિયા વિસ્તારમાં અગરિયાના બાળકો ટેકનોલેજીના માધ્યમથી શિક્ષણ પ્રાપ્ત કરે તે હેતુથી શરુ કરવામાં આવ્યો.

**સ્કુલ ઓન વ્હીલ પ્રોજેકટમાં નીચે મુજબની વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ છે.**

૧. બારીઓમાં નવી ટેક્નોલોજીના લુવર્સ લગાવવામાં આવ્યા છે જેથી રેતી કે પાણી અંદર પ્રવેશી ન શકે.

૨. આરામથી બેસી શકાય તે માટે પીવીસી ફ્લોરીંગ

૩. ગ્રીન બોર્ડ

૪. અપગ્રેડ સોલર સિસ્ટમ ૩.૭ કે.વી.

૫. ૨૯ ઇંચ એલ.ઇ.ડી. ટી.વી. ડી ટૂ એચ સેટઅપ બોક્ષ અને ધોરણ વાઈઝ ઈ–કન્ટેન્ટ સાથે

૬. પંખા અને ૬ એલ.ઈ.ડી. લાઈટસ

૭. ફાયર એસ્ટિંગવિસર

૮. રાઈટીંગ ડેસ્ક–૧૮ નંગ

- રાજયમાં ચાર જિલ્લાઓમાં કુલ ૩૮ (કચ્છ–૫, મોરબી–૩, પાટણ– ૧૦ અને સુરેંદ્રનગર – ૨૦) સ્કુલ ઓન વ્હીલ અગરિયાઓના બાળકોના શૈક્ષણિક હેતુ અર્થે કાર્યરત છે.

- અગરિયાના બાળકોને કે જેમના વાલીઓ ઓકટોબર થી એપ્રિલ સુધી સ્થળાંતર કરે છે તે દરમ્યાન શિક્ષકો દ્વારા શિક્ષણ આપવામાં આવે છે.

- મધ્યાહન ભોજન અને બીજા પોષણયુકત ખોરાક આપવામાં આવે છે.

**પ્રશ્ન :** **અગરિયાના બાળકોને શિક્ષણ માટે મૂળ ગામમાં રોકી રાખવાની કોઈ વ્યવસ્થા છે જો હા તો તેની વિગતો આપશો?**

જવાબ : અગરિયા વિસ્તારના રોજી રોટી માટે મોસમી સ્થળાંતર કરતાં વાલીઓના બાળકોને મૂળ ગામમાં સ્થળાંતરના સમયગાળા દરમિયાન રોકી રાખવા માટે અગરિયા વિસ્તારના ૮ જિલ્લાઓ :

(૧) અમરેલી (૨) ભાવનગર (૩) ભરૂચ (૪) બનાસકાંઠા (૫) મોરબી (૬) કચ્છ (૭) પાટણ (૮) સુરેન્દ્રનગર

આ ૮ જિલ્લાઓમાં કુલ ૧૯ પાકા બાંધકામવાળી ૫૦ બાળકોની ક્ષમતવાળી રેસિડેન્સિયલ હોસ્ટેલ રાજ્ય સરકારના ૧૦૦% બજેટમાંથી કાર્યરત છે ચાલુ વર્ષમાં ૩૭૫ બાળકો આ સુવિધાનો લાભ લઈ રહેલ છે.

**અગ્રતા ક્રમાંકઃ– (૪)**

**તા.૦૬–૦૨–૨૦૨૪**

**(૧) શ્રી શામજીભાઇ ભીમજીભાઇ ચૌહાણ (ચોટીલા)**
**(૨) શ્રી કાંતિલાલ અમૃતિયા (મોરબી)**